# જય અંબેના જયઘોષ સાથે “જગતજનની જગદંબા”નો મહામેળો અંતિમ ચરણમાં



માના ભક્તોની લાંબી કતારો સાથે દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યા છે. માથે માંડવીઓ સાથે દૂર દૂરથી શ્રધ્ધા સાથે ભક્તો અંબાજી જવા અધુરા બન્યા છે.

# દાંતા જય જલિયાણ કેમ્પની રંગેચંગે પૂર્ણાહુતિ

## ચુંદડીવાળા માતાજી આરતી ઉતારી પદયાત્રિકોને આશીર્વચન પાઠવ્યા



ભાદરવી પૂનમનો મહામેળો અંતિમ ચરણોમાં છે ત્યારે સૌથી મોટા સેવા કેમ્પ તરીકે જાણીતા જય જલિયાણ સેવા કેમ્પ દાંતા રતનપુર ખાતે પાંચ દિવસીય કેમ્પની રંગેચંગે પૂર્ણાહુતિ થઇ હતી. જેમાં પાંચ દિવસમાં અંદાજિત બે લાખથી વધુ યાત્રિકોએ સેવાનો લાભ લીધો હતો. આ સેવા કેમ્પ માં છેલ્લા ૧૩ વર્ષથી મિષ્ઠાન સાથે ભોજન, આરામની સુવિધા અને મેડિકલ સેવા તેમજ અન્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સેવા કેમ્પના અંતિમ દિવસે અંબાજીના ચુંદડીવાળા માતાજી પધાર્યા હતા. તેમણે માતાજીની આરતી કરી પદયાત્રિકોને આશિર્વચન પાઠવ્યા હતા. તેમણે જય જલિયાણ સેવા કેમ્પની કામગીરીને બિરદાવી હતી અને માઈભક્તોને ભોજન પીરસ્યું હતું. આ સાથે જિલ્લા કલેક્ટર સંદીપભાઈ સાંગલે પધારી સમગ્ર કેમ્પની કામગીરીને બિરદાવી હતી. ટહુકાર બિટ્સના તાલે આખો દિવસ રાસ-ગરબાની રમઝટ જામી હતી પદયાત્રીઓ મન મૂકીને ઝુમી ઉઠ્યા હતા.

રાત્રે ૯ વર્ષીય ધાન્વી દવે પોતાના મધુર સ્વરે ગરબાની રમઝટ જમાવી હતી. ઉપસ્થિત સર્વેએ નાની ઉંમરમા ગાયકી ક્ષેત્રે નામના ધરાવનાર ધાન્વી દવેની પ્રશંસા કરી હતી તેમજ જોરદાર તાળીઓથી અને પ્રોત્સાહિત કરી હતી. યોગેશભાઈ પુરબીયા, કિંજલબેન, દેવજી ઠાકોર, મધુબેન ચલાણી, રેખા પ્રજાપતિ વગેરે ગાયક કલાકારોએ પદયાત્રિકોને ઝુમાવ્યા હતા. કેમ્પમાં ગુજરાતના નામાંકિત ગાયક કલાકાર અને ‘જીગરજાન‘ ફેમ વિજય સુવાડા પધાર્યા હતા. તેમણે પદયાત્રિકોને આંબા પર અતૂટ શ્રદ્ધા રાખી આગળ વધવા આહ્વાન કર્યું હતું. તેઓએ કલાક સુધી પોતાના સ્વરે ગીતો ગાઈ પદયાત્રિકોને નચાવ્યા હતા.

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકાર મયુર વાકાણીએ અંબાજી અને જય જલિયાણ કેમ્પની મુલાકાત લીધી હતી અને માઈ ભક્તોને ભોજન પણ પીરસ્યું હતું. અને કાર્યકર્તાઓની સેવાને બિરદાવી હતી. સુંદર મામાના નામથી જાણીતા મયુર વાકાણીને જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

આ વર્ષે અંબાજી ખાતે જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા બીજો કેમ શરૂ કરવામાં આવ્યો છે જેમાં દરરોજ ૨૦ હજાર પદયાત્રીકો મિષ્ઠાન સાથે ભોજનનો લાભ લે છે જે કેમ્પ આગામી પૂનમ સુધી ચાલનાર છે. આ કેમ્પના આયોજક દીપકભાઈ ઠક્કર અને હિતેશ ઠક્કરે કેમ્પ દરમિયાન સેવા આપનાર તમામ કાર્યકર્તાઓ તેમજ સમગ્ર ટીમને ખુબ ખુબ આભાર માન્યો હતો.

# પ્રાંતિજ પંડ્યા પોળ ગણેશ યુવક મંડળ દ્વારા સમૂહ આરતી તથા અન્નકુટ ભરવામાં આવ્યો

પ્રાંતિજ, તા. ૧૨

માયા નગરીથી લઈને દેશમાં ભગવાન વિધ્નહર્તાની સ્થાપના ઠેર ઠેર કરવામાં આવી છે, ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત



તાલુકામાં ગણેશ મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે ત્યારે પ્રાંતિજના પંડયા પોળ ખાતે પણ પંડયા પોળ ગણેશ યુવક મંડળ દ્વારા અનકુટ ભરવામાં આવ્યો હતો. કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમાં આવેલ પંડયા પોળ ખાતે પણ દરવર્ષની જેમ છેલ્લા સાત વર્ષોથી પંડયા પોળ યુવક મંડળ દ્વારા ભગવાન વિધ્નહર્તાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે અને પડ્યા પોળ યુવક મંડળ સહિત પોળના રહીશો સવાર સાંજ દાદાની આરતી ઉતારી દાદાને ભાવતા ભોજન જમાડે છે અને રાત્રીના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. ગણેશ મહોત્સવના નવમાં દિવસે ગણેશ યુવક મંડળ તથા પોળના રહીશો દ્વારા અનકુટ ભરવામાં આવ્યો હતો જેમાં વિવિધ વાનગીઓ સહિત દાદાને ભાવતા લાડુ સહિતનો પ્રસાદ દાદાને ચડાવવામાં આવ્યો હતો. ગણેશ યુવક મંડળ દ્વારા કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી.



## ધનસુરામાં ધામધૂમપૂર્વક ગણેશ વિસર્જન કરાયુ

ધનસુરામાં ધામધૂમ પૂર્વક ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. ધનસુરા તળાવ ખાતે ધનસુરા ગામના વિવિધ જગ્યાના ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં ભગવાનના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં આવ્યા હતા. ભગવાનના દર્શન કરી સૌએ ધન્યતા અનુભવી હતી. ગણપતિ બાપા મોરીયાના નાદથી વાતાવરણ વરણ ગૂંજી ઉઠ્યું હતું. ડીજેના તાલ અને ગુલાલ ઉડાડી ભગવાનનુ વિસર્જન કરવામાં આવ્યું હતું.

# યાત્રાધામ શામળાજી બસ સ્ટેન્ડમાં ગંદકીથી યાત્રાળુઓ ત્રાહિમામ

શામળાજી, તા. ૧૨

શામળાજી મંદિરમાં સમગ્ર રાજ્ય અને દેશમાંથી દરરોજ મોટા પ્રમાણમાં ભક્તો મંદિરમાં બિરાજતા શામળિયા ભગવાનના દર્શનાર્થે આવતા હોય છે. શામળાજી બસ સ્ટેન્ડની આજુબાજુના વિસ્તારમાં અને અનેક જગ્યાએ ગંદકીથી મુસાફરો અને યાત્રાળુઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અભિયાન અંતર્ગત શામળાજી મંદિર અને બસ સ્ટેન્ડ વિસ્તારમાં ફોટો સેશન પૂરતી કામગીરી કરનાર સંસ્થાઓ પણ મૌન ધારણ કરી લેતા લોકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. શામળાજી ગ્રામ પંચાયત દ્વારા એસટી ડેપોની આજુબાજુમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે તે ખુબ જરૂરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા



અભિયાનને સમર્થન આપવાની સાથે

પ્રજાજનોની જનજાગૃતિ માટે એનસીસી



દ્વારા “સ્વચ્છ ભારત મિશન” યાત્રા

એનસીસી કેડેટના સાયકલિસ્ટ દ્વારા કેરળથી દિલ્હી સુધી સાયકલયાત્રા યોજી છે. મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશી સાયકલયાત્રા શામળાજીના શ્યામલ વન ખાતે આવી પહોંચી હતી. બીજી બાજુ બસ સ્ટેન્ડ અને શામળાજીના વિસ્તારોમાં ગંદકીથી ખદબદી રહ્યા છે જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળાની દહેશત પેદા થઈ રહી છે. શામળાજી બસ સ્ટેન્ડ નજીક આવેલા સુલભ શૌચાલયમાંથી ઉભરાતા ગટરના પાણીથી દુર્ગંધ મારતા મુસાફરો બસ સ્ટેન્ડમાં ઉભા રહેતા પણ ગભરાઈ રહ્યા છે. બસ સ્ટેન્ડના આજુબાજુમાં ઉભા રહેતા ફેરિયાઓ પણ ગંદકી કરતા હોવાથી તેમની સામે દંડાત્મક કામગીરી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

## તંગદિલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિચારધારા રહેલી છે. આ તમામ સમસ્યાને બોર્ડર પર્સનલ મિટિંગ અને ફ્લેગ મિટિંગ મારફતે ઉકેલી દેવામાં આવે છે. ભારતીય સેનાએ કહ્યુ છે કે સ્થિતી બિલકુલ સામાન્ય બની ચુકી છે. સેનાના કહેવા મુજબ બંને પક્ષો વચ્ચે પ્રતિનિધીમંડળ સ્તરની વાતચીત થઈ ચુકી છે. આની સાથે જ મતભેદો પણ દુર કરી લેવામાં આવ્યા છે. ભારત અને ચીન વર્ષોથી કેટલાક સરહદી મુદ્દાને લઈને વારંવાર આમને સામને આવતા રહે છે. જો કે તેમની વચ્ચે મતભેદોને નિયમિત વાતચીત મારફતે ઉકેલી પણ લેવામાં આવે છે. ચીનના વર્તનને લઈને હમેંશા પ્રશ્નો રહે છે.

ચીન હમેંશા સરહદ પર અને ત્રાસવાદના મુદ્દા પર ખતરનાક વલણ અપનાવતુ રહ્યુ છે. તે હમેંશા ત્રાસવાદના મુદ્દા પર પણ દુનિયાના દેશોની સાથે રહેવાના બદલે પાકિસ્તાનની સાથે દેખાય છે. હાલમાં ખતરનાક ત્રાસવાદી આકા મુસદ અઝહરના મામલે પણ ચીને અયોગ્ય વલણ અપનાવ્યુ હતુ. જો કે આના કારણે ચીનની વિશ્વના દેશોમાં વ્યાપક ટિકા થઈ હતી.

## ટ્રેલર છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક એવી સરકાર જે પહેલાથી વધુ ઝડપથી કામ કરશે. એક એવી સરકાર જે તમામ અપેક્ષાઓને પૂરી કરવામાં સંપૂર્ણ તાકાત લગાવી દેશે. વિતેલા ૧૦૦ દિવસમાં દેશે આનું ટ્રેલર બતાવી દીધું છે. આતંકવાદ સામે નિર્ણાયક લડત લડવાનો અમારો સંકલ્પ છે. આ જોતા જ પ્રથમ ૧૦૦ દિસવમાં આતંકવાદ વિરોધી કાનૂનને વધુ મજબૂત કરવામાં આવી ચુક્યો છે. વડાપ્રધાને કહ્યું હતું કે, આદિવાસી બાળકો માટે દેશભરમાં ૪૬૨ એકલવ્ય સ્કુલ ખોલવામાં આવી રહ્યા છે. આ સ્કુલોમાં બાળકોનું ભણવાનુ, ખેલ, સ્કિલ ડેવપલમેન્ટ, સ્થાનીય કલા અને સંસ્કૃતિના સંસ્કરણ માટે પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. સરકાર દરેક આદિવાસી બાળકો માટે દર વર્ષે ૧ લાખ રૂપિયાથી વધુ ખર્ચ કરશે. અહીં તેમણે પહેલા તો વિધાનસભા ભવનનું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ તેમણે વિધાનસભા ભવનની રેપ્લિકાનું પણ અવલોકન કર્યું.

આ ઉપરાંત પીએમ મોદીએ રાંચીમાં ત્રણ રાષ્ટ્રીય અને બે રાજ્ય સ્તરની યોજનાઓનો શુભારંભ કર્યો. તેમણે સાહિબગંજ મલ્ટીમોડલ ટર્મિનલ (પોર્ટ)નું પણ ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ પીએમ મોદીએ રાંચના પ્રભાત તારા મેદાનમાં સભાને સંબોધન કર્યું. રાંચીના બિરસા મુંડા એરપોર્ટ પર રાજ્યપાલ દ્રોપદી મુર્મૂ અને મુખ્યમંત્રી રઘુવર દાસે તેમનું સ્વાગત કર્યુ હતું. વડાપ્રધાને કહ્યું કે ૨ ઓક્ટોબરના રોજ ગાંધીજીની ૧૫૦મી જયંતી છે. આ દિવસે આપણે પ્લાસ્ટિકના કચરાને હટાવવાનો છે. કાલથી જ દેશમાં સ્વચ્છતા જ સેવા અભિયાનની શરૂઆત થઈ ગઈ છે. આ અભિયાન હેઠળ ૨ ઓક્ટોબર સુધીમાં આપણે આપણા ઘરોમાં, શાળાઓમાં, ઓફિસોમાં સિંગલ યૂઝ પ્લાસ્ટિકને ભેગું કરવાનું છે. પ્રભાત તારા મેદાનમાં સભાને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે વડાપ્રધાન આવાસ યોજનાના માધ્યમથી ૨ કરોડથી વધુ ઘરો ગરીબો માટે બનાવવામાં આવ્યાં. હવે ૨ કરોડ વધુ ઘરો માટે કામ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે અમે આયુષ્યમાન ભારત યોજના હેઠળ વડાપ્રધાન જન આરોગ્ય યોજના લઈને આવ્યાં. અહીં ઝારખંડથી તેની શરૂઆત કરી. જે હેઠળ અત્યાર સુધીમાં ૪૪ લાખ ગરીબ દર્દીઓ સારવારનો લાભ લઈ ચૂક્યા છે. જેમાંથી લગભગ ૩ લાખ ઝારખંડના છે.

## રાજ્યોનો વિરોધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એવાં ભાજપી રાજ્યોને ટ્રાફિકના નવા કાયદા અને ભૂલ કરનાર પાસે લેવાતા મોટી રકંમના દંડ અંગે ચિંતા પ્રવર્તી રહી છે. મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસે નીતિન ગડકરીને પત્ર લખીને આ ચિંતા વ્યક્ત કરી હતી.

આવું કરવામાં મહારાષ્ટ્ર એકલું નથી. ઝારખંડ અને હરિયાણા સરકારે પણ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને નવી દંડ સંહિતાનો વિરોધ કર્યો હતો. આ રાજ્યોએ તો પોલિટિકલ કારણોસર આવું કર્યું હોય એ સમજી શકાય છે પરંતુ કર્ણાટક અને ઉત્તરાખંડે પણ પોતાની રીતે નિર્ણય કર્યો હતો.

ઉત્તરાખંડે પણ ગુજરાતની જેમ દંડની રકમ ૯૦ ટકા ઘટાડી હતી જ્યારે કર્ણાટકે કહ્યું હતું કે કેન્દ્રે બનાવેલા નવા કાયદાનો અમલ કરવો કે નહીં એ અંગે અમે હજુ નિર્ણય કર્યો નથી. દેશના કદ અને વસતિની દ્રષ્ટિએ સૌથી મોટા અને ભાજપશાસિત રાજ્ય ઉત્તર પ્રદેશે પણ હજુ આ કાયદાનો અમલ શરૂ કર્યો નથી.

## પર્દાફાશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરથી આર્ટિકલ ૩૭૦ હટાવ્યા બાદથી પાકિસ્તાન રઘવાયું થયું છે. કાશ્મીરમાં હિંસા ફેલાવવા માટે પાકિસ્તાન શક્ય તમામ પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાન ભારતમાં આતંકવાદીઓની ઘૂસણખોરી કરાવવા માટે ભારતીય સીમાની પાસે અત્યા સુધી ૩૦ લૉન્ચ પૅડ તૈયાર કરી ચૂક્યું છે. પાકિસ્તાનનો ઉદ્દેશ્ય આ લૉન્ચ પૅડની મદદથી ગુરેજ, કરન અને ગુલમર્ગ સેક્ટરમાં આતંકવાદીઓને ઘૂસણખોરીનો પ્રયાસ કરાવવાનો છે. પરંતુ સુરક્ષા બળોએ આજે આતંકીઓના ઈરાદાને નિષ્ફળ બનાવી દીધા હતાં.

## નીતિની જરૂર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ખોટી રીતે જીએસટી લાગૂ કરવાના કારણે અર્થવ્યવસ્થાની સમસ્યા સર્જાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આજે દેશના જીડીપી ગ્રોથમાં આવેલા ઘટાડાને લઈને મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. આર્થિક મંદી માટે સીધીરીતે મોદી સરકારને જવાબદાર ઠેરવતા મનમોહનસિંહે કહ્યું હતું કે, આ મેન મેડ ક્રાઈસીસ તરીકે છે. યોગ્ય સંચાલન નહીં થવાના લીધે આ સમસ્યાઓ ઉભી થઈ છે. ટોચના અર્થશાસ્ત્રી મનમોહનસિંહે કહ્યું હતું કે, છેલ્લા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ પાંચ ટકા રહ્યો છે. આનાથી સમજી શકાય છે કે, દેશ લાંબા ગાળામાં મંદીના દોરમાં છે. ભારતની પાસે વધુ ઝડપથી ગ્રોથ કરવાની ક્ષમતા રહેલી છે પરંતુ મોદી સરકાર દ્વારા ચારેબાજુ ઝડપથી અયોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે.